# ફેબ્રુઆરી મહિનામાં
# સમયને સમય આપવો

૧, ફેબ્રુઆરી, ૨૦૨૫

આત્મીય પાઠક,

ફેબ્રુઆરી ૨૦૨૫માં પ્રવેશ કરતી વખતે એ શું છે જેના માટે તમે સૌથી વધારે ઉત્સાહિત છો? શું એ તમારા હૃદયની પૂર્ણતાનો અનુભવ છે? શું એ ભગવાન શિવના ચંદ્રનું રહસ્યમય આકર્ષણ છે?

હું બંને માટે સમાન રૂપે ઉત્સાહિત છું, પરંતુ થોડીવાર માટે હું ચંદ્રમા પર વિચાર કરવા માગું છું. ચંદ્રમા અને તે જેનું પ્રતીક છે, એનાથી હું હંમેશાં મોહિત રહી છું. ઉદાહરણ તરીકે, આપણે ચંદ્રમાને જુદીજુદી કળાઓમાં વધતા-ઘટતા જોઈએ છીએ, અને તેનાથી આપણને એવો ભાસ થાય છે કે સમય પસાર થઈ રહ્યો છે. પરંતુ ચંદ્રમા તો સદૈવ પૂર્ણ જ રહે છે; તે તો સદૈવ તેજોમય શ્વેત ગોળો જ રહે છે. તેનો બદલાતો આકાર તો એક ભ્રમ છે, અને આ ભ્રમ પૃથ્વી પર આપણે જે સ્થાન પર છીએ તેની સાથે ચંદ્રમાના સંબંધને કારણે અને સૂર્યથી ચંદ્રમાના અંતરને કારણે ઉત્પન્ન થાય છે.

હવે, જો ચંદ્રમાની કળાઓ એક ભ્રમ હોય, તો ચંદ્રમા અને સૂર્ય જેવા આકાશીય પિંડો પર આધારિત, સમય વિશેની આપણી ધારણાઓ પણ કેટલા અંશે ભ્રમ ઉપજાવનારી છે? આપણે સમયમાં ભેદ કરીએ છીએ અને તેના અનુસાર આપણા જીવનનું નિર્માણ કરીએ છીએ, પરંતુ શું સમય આવા ભેદોથી પરે છે? અથવા તો, શું સમય પાણી જેવો છે કે તે જેના પણ સંપર્કમાં આવે, તેમાં આપણે જે પણ ભેળવીએ, તે એનો રંગ કે આકાર અપનાવી લે છે?

આ વિષય પર મનન કરતી વખતે, હું જણાવવા માગું છું કે વર્ષ ૨૦૨૫ માટે શ્રીગુરુમાઈનો સંદેશ પ્રાપ્ત કરીને હું તેમનાં પ્રત્યે ખૂબ જ કૃતજ્ઞતાનો અનુભવ કરું છું. અને હા, મને ખરેખર એવું લાગે છે કે ગુરુમાઈજીએ આ સંદેશ *વિશેષ* રૂપે મારા માટે પ્રદાન કર્યો છે. જો તમને પણ એવું લાગતું હોય — તો ઠીક છે, મને લાગે છે કે હું એને પણ માની શકું છું! જે પણ હોય, હું એ વાતથી ઉત્સુક છું કે જેવા પ્રશ્નો મેં હમણાં પૂછ્યા, એવા પ્રશ્નો પર ચિંતન કરવા માટે આપણી પાસે આખું વર્ષ છે.

મારું માનવું છે કે આપણે મનુષ્યોએ સમયને જે ભાગોમાં વહેંચી રાખ્યો છે, તેમાં વિશિષ્ટ ઊર્જાઓ મહસૂસ થાય છે. ઉદાહરણ તરીકે, ફેબ્રુઆરીના મહિનાને જુઓ. આ વર્ષે, ફેબ્રુઆરીનો મહિનો અમાસ પછી તરત જ શરૂ થયો છે, જે સમયે ચાઇનીઝ (અથવા ચાંદ્ર) નવવર્ષનો પંદર-દિવસીય ઉત્સવ પણ મનાવવામાં આવી રહ્યો છે. પછી, ૧૪ ફેબ્રુઆરીએ આપણે સંત વેલેન્ટાઇન દિવસ મનાવીશું. તે પૂર્ણિમાના બે દિવસ પછી આવે છે, જે પ્રેમ કરનારાઓ અને ધ્યાન કરનારાઓ માટે હંમેશાંથી પ્રેમનું પ્રતીક રહ્યો છે. અંતે, ૨૬ ફેબ્રુઆરીએ જ્યારે ચંદ્રમા ઘટીને ચમકતો નવચંદ્રાકાર થઈ જશે, ત્યારે આપણે 'રતજગા' એટલે કે જાગરણ કરીશું — મહાશિવરાત્રિ પર આપણે આખી રાત જાગીને પૂજા-ઉપાસના કરીશું. ભારતીય પંચાંગ અનુસાર આ રાત્રિને

વર્ષની ત્રણ સૌથી શુભ રાત્રિઓમાંથી એક માનવામાં આવે છે, આ રાત્રિએ આપણે માંગલ્યના મૂર્તરૂપ, ભગવાન શિવના આશીર્વાદનું આવાહન કરીશું.

જો આપણે એ સિદ્ધાંતનો સ્વીકાર કરી લઈએ કે વિશિષ્ટ લેન્સ અથવા ફિલ્ટર દ્વારા સમયનો અનુભવ કરી શકાય છે તો હું તમને પ્રોત્સાહિત કરું છું કે તમે આ મહિના દરમ્યાન ‘સમયની સમક્ષ’માં ગુરુમાઈજી દ્વારા પ્રદાન કરવામાં આવેલી શિખામણોનું અધ્યયન કરવા માટે એ લેન્સનો ઉપયોગ કરો. ફેબ્રુઆરીનો મહિનો પ્રેમ અને ભગવાન શિવનો મહિનો છે. જો તમે ગુરુમાઈજીની શિખામણોને નિઃસ્વાર્થ પ્રેમ અને નિઃસ્વાર્થ કૃપાના લેન્સના માધ્યમથી જુઓ, તો તમે એ શિખામણો વિશે તમારી સમજને કેવી રીતે સમૃદ્ધ કરશો? તમને શું લાગે છે કે આવા પ્રકારના અધ્યયનની શરૂઆત કરીને, તમને કયા-કયા અનુભવો થશે? ફેબ્રુઆરીના અંતે તમે તમારી સાધનામાં પોતાને ક્યાં જોવા માગો છો?

જેમજેમ તમે ગુરુમાઈજીની શિખામણોનું અધ્યયન કરતા જશો, તેમતેમ બની શકે કે આપણે જે વિષયવસ્તુનું અન્વેષણ કરી રહ્યાં છીએ તેમાં તમને એક સંબંધ જોવા મળે. ભારતનાં શાસ્ત્રોમાં ભગવાન શિવનું વર્ણન એક મહાત્યાગીના રૂપે કરવામાં આવ્યું છે, જેઓ આ સંસાર-પ્રપંચના અનાસક્ત સાક્ષી છે. તેમછતાં તેઓ દેવી પાર્વતી સાથે વિવાહ પણ કરે છે, અને દેવી પ્રત્યે તેમના વિશુદ્ધ પ્રેમનું, તેમના સમર્પણનું વર્ણન સુપ્રસિદ્ધ છે. એટલું જ નહીં, ભગવાન શિવ પોતાના ભક્તો પ્રત્યે તેમની કરુણા માટે પણ જાણીતા છે. તેઓ ભોલેનાથ છે, કહેવાય છે કે એકનિષ્ઠા અને ભક્તિ સાથે માત્ર એકવાર મંત્રનું ઉચ્ચારણ કરવાથી પણ તેઓ ફળ પ્રદાન કરે છે. પ્રેમ પ્રેમને ઓળખી લે છે; મંત્ર પોતાના સ્રોત પર પાછો ફરે છે; બધું જ ભગવાન શિવના ડમરુંમાંથી નીકળતા આદિનાદમાં સમાઈ જાય છે.

અને કદાચ આ મહાત્યાગી, ભગવાન શિવના ઉદાહરણનું અધ્યયન કરવાથી આપણને સમય અને પ્રેમને વધારે સારી રીતે સમજવાનો અને તેની તરફ આગળ વધવાનો સંકેત મળી જશે. સમય (અથવા પ્રેમ) સાથે સંઘર્ષ કરવાને બદલે, સમય (અથવા પ્રેમ) સાથે સોદાબાજી કરવાને બદલે, એ સવાલ ઉઠાવવાને બદલે કે શા માટે સમય (અથવા પ્રેમ!) પોતાનો રસ્તો જાતે જ બનાવવા માટે આટલો હઠીલો છે, જો આપણે સમયને એ જ રૂપે સ્વીકાર કરી લઈએ જેવો તે છે, અને પછી યથાસંભવ સર્વોત્તમ રીતે તેનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરીએ, તો શું થશે? જો આપણે પ્રેમને એ રૂપે પ્રગટ થવા દઈએ જે રૂપે તે પ્રગટ થવા માગે છે, તો શું થશે? કદાચ પછી, જ્યારે સમય ચંદ્રમાની જેમ નિર્મળ અને નિષ્પક્ષ રહે, જ્યારે પ્રેમનો આપણો અનુભવ આસક્તિ અને અનાસક્તિ વચ્ચે ઝૂલતો રહે, ત્યારે પણ આપણે જાણી લઈશું કે સમય આપણી સાથે છે, તેનો શું અર્થ છે. આપણે જાણી લઈશું કે આપણામાંથી પ્રત્યેક વ્યક્તિ પ્રેમની સાથે છે, તેનો શું અર્થ છે.

આદર સહિત,

ઈશા સરદેસાઈ

© ૨૦૨૫ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.